# આપણા કુળદેવી

ચંદ્રકાંત મોતીલાલ શુકલ
સિધ્ધનાથ સોસાયટી
વિરમગામ ૩૮૨૧૫૦
ફોન નં. ૦૨૭૧૫ – ૨૩૩૯૯૭
તા. ૧૭–૪–૧૧

કૌંડિન્યગોત્રી પરિવાર ટ્રસ્ટના પ્રમુખશ્રી રશ્મિકાંતભાઈ વી. શુકલ સાહેબે બે ત્રણ વખત મને જણાવેલું કે "તમને ઐતિહાસિક સંશોધનોમાં રસ છે અને પ્રથમ પાટોત્સવથી માંડીને ૨૮ વર્ષ સુધી સતત આચાર્ય તરીકે રહયા છો તો આપણા કુળદેવી વિષે જો કંઈક મેટર મોકલો, જેથી મારી ઉપર ઘણા ભાઈઓ તરફથી આ બાબતે જિજ્ઞાસા વ્યકત કરવામાં આવે છે તે સંતોષી શકાય." હાલ મારી ઉંમર ૭૦ વર્ષની, શારીરીક અશીકતઓ, કંઈક પ્રમાદ અને કંઈક અન્ય કામકાજોમાં વ્યસ્ત રહેતો હોવાથી હું ટાઈમ કાઢી શકતો ન હતો. પણ છેવટે માતાજીએ કૃપા કરી અને આટલું લખાણ તૈયાર થયું તે સદભાગ્ય માનું છું. મેં જેમાંથી તારવણી કરી છે, તે ગ્રંથોના નામ નીચે પ્રમાણે છે :–

(૧) બૃહજજયયોતિષાર્ણવનો ૬ ઠો સ્કંધ બ્રાહ્મણોત્પતિમાર્તંડ

(૨) ગોત્રપ્રવરભાસ્કર

(૩) મેરૂતુંગાચાર્ય લિખીત પ્રબંધચિંતામણી

ઈસવી સનના ૬ ઠા સૈકામાં કચ્છના નાના રણકાંઠે પંચાસર નામનું એક નગર હતું, જે આખા ગુજરાતની રાજધાની હતું. તેમાં છેલ્લો રાજા જયશીખરી ચાવડો થયો. જયશિખરની વૈભવના ગુણગાન શંકર નામના એક ચારણે દક્ષિણ હિન્દની કલ્યાણી નગરની રાજા ભુવડ (ભુવનપતિ) પાસે ગાયાં, એટલે સમૃધ્ધિના લોભે ચઢાઈ કરીને ભુવડે જયશિખરીને હણ્યો, સગર્ભા રાણી રૂપસંદરી અણહિલ નામના ભરવાડની સહાયથી જંગલમાં આશ્રય પામી. જે બાળકનો જન્મ થયો તેનું નામ વનરાજ ચાવડો. વનરાજે શકિતમાન થઈને રાજય ફરીથી પોતાને હસ્તક લીધું. પણ પંચાસરનગર

છિન્નભિન્ન થઈ જવાથી વિક્રમ સં. ૮૦૨ માં પોતાના પાલક મામા અણહિલના નામ ઉપરથી અણહિલપુર પાટણ નામે નવું શહેર સરસ્વતી નદીના કિનારે વસાવ્યું વનરાજ ચાવડાની આઠમી પેઢીએ ચામુંડરાય થયો. તેનું બીજુ નામ સામંતસિંહ ચાવડો.

હવે આ બાજુ સમય જતાં, દુશ્મન રાજા ભુવડના વંશજ રાજ બીજ અને દંડક નામના ત્રણ ભાઈઓ તેની અશ્વવિદ્યાથી પ્રભાવિત થઈને સામંતસિંહે પોતાની લીલાદેવી બીજ સાથે પરણાવી. તે કાળે આપણા દેશના રજવાડાઓમાં નાની નાની બાબતોમાં યુધ્ધો થતાં. આવી એક લડાઈમાં બીજ માર્યો ગય. લીલાદેવી પણ મૂળ નક્ષત્રમાં બાળકને જન્મ આપી મૃત્યુ પામી. અનાથ મૂળરાજ આમ નશાખોર અને પ્રજાપીડક મામા સામંતસિંહને ત્યાં હડધૂત બની ઉછરવા લાગ્યો. છેવટે એક દિવસ મામાનો વધ કરી ગુર્જરનરેશ બન્યો અને ચાવડાવંશ પૂરો થઈ સોલંકીવંશ શરૂ થયો.

જોકે માતૃગોત્રની હત્યાથી તેનું હૃદય બળી રહયું હતું. હૃદયની શાંતિ માટે શિવારાધન એ જ શ્રેષ્ઠ છે એવી તેને સલાહ મળવાથી, શ્રીસ્થળ (સિધ્ધપર) માં ૧૧ માળનું શિવાલય રુદ્રમહાલય ચણાવવો શરૂ કર્યો. તેનુ ખાતમુહૂર્ત કરાવનાર મારવાડના ત્રિકાળદર્શી હુદડ જોષીના કહેવાથી પૂજાપ્રતિષ્ઠા માટે ઉત્તર ભારતના જ્ઞાની અને તપોનિષ્ઠ બ્રાહ્મણોને તેડાવવા જરૂરી હતા, એટલે અવા બ્રાહ્મણોને તેડી લાવવા મૂળરાજે પોતાના ૧૪ પ્રધાનોને રસાલા સાથે ઉત્તરમાં મોકલ્યા. (૧) ચક્રપાણિ (૨) સુરાનંદી (૩) વર્યક્ષ (૪) નંદીવર્ધન (૫) વક્રનેત્ર (૬) મહાનંદ (૭) જયંત (૮) વિજય (૯) જયસેન (૧૦) જયધ્વજ (૧૧) નદીષેણ (૧૨) જય (૧૩) હલકેતન અને (૧૪) કેતવાધીય આ ચૌદ પ્રધાનો શ્રૌતસ્માર્ત કર્મોથી યુકત પવિત્ર ધ્વિજપરિવારોને વિનયપૂર્વક ગુજરાતમાં તેડી લાવ્યા.

(૧) ગંગાયમુનાના પ્રદેશમાંથી..................૧૦૫

(૨) ચ્યવન ઋષિના આશ્રમાંથી.................૧૦૦

(૩) કાશીથી......................................૧૦૦

(૪) કુરૂક્ષેત્રથી...................................૧૦૦

(૫) ગંગાધારથી..................................૧૦૦

(૬) નૈમિષારણ્યથી..............................૧૦૦

(૭) પુષ્કરતીર્થમાંથી.............................૧૩૨

(૮) સરયૂનદીના તટ ઉપરથી.................૧૦૦

(૯) કાન્ય કુબ્જમાંથી............................૨૦૦

આમ આપણા પરિવારોની સંખ્યા ૧૦૩૭ હતી. ઉદીચિ (ઉત્તર) માંથી આવેલા માટે આપણે ઔદિચ્ય સહસ્ર કહેવાઈએ છીએ. વિધિ પત્યા પછી મૂળરાજે ગુજરાતમાં જ વસવા એમને પ્રાર્થના કરી. ૫૦૦ બ્રાહ્મણોને સિધ્ધપુર અને તેની આજુબાજુના ગામોની જમીન આજીવિકા માટે દાનમાં આપી. ૫૦૦ બ્રાહ્મણોને કાઠિયાવાડમાં આવેલ સિંહપુર (શિહોર) અને તેની આજુબાજુના ગામો આપ્યા. ૩૭ બ્રાહ્મણોએ દાન ગ્રહણ કરવાની ના પાડી અને જુદું ટોળું વળીને બેઠા, તેથી ટોળકીયા કહેવાયા.

આ દાનવિધિ શાલિવાહન શાકે ૯૨૪ વિક્રમ સં. ૧૦૫૯ કારતક સુદ પૂનમ ગુરૂવારે થયો હતો. પાટણની ગાદી ઉપર સોલંકીવંશ અને ત્યારબાદ વાઘેલાવંશની સતા રહી ત્યાં સુધી ઔદિચ્ય બ્રાહ્મણોનું બ્રહ્મત્વ અને તેમને મળેલા ગામગરાસ સચવાયાં, પણ પછી ઈસ્લામના ઝનૂની શાસનથી ત્રાસી જઈને આ બ્રાહ્મણો સલામત આજીવિકાની શોધમાં અત્રતત્ર સ્થળાન્તર કરી ગયા.

જમદગ્નિ, ભરધ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, વસિષ્ઠ, કશ્યપ, અગત્સ્ય, ભૃગુ અંગિરા ઋષિના વંશજો હોવાથી આપણે તે ગોત્રવાળા કહેવાઈએ છીએ. જે કુળમાં જેટલા મંત્રદષ્ટા ઋષિ થયા તેટલા આપણા પ્રવર બોલાય છે. આપણા પૂર્વજો જે વેદ ભણતા તે વેદ અને તે વેદની શાખા આપણી બોલાય છે. ગણપતિ, ભૈરવ, મહાદેવ અને ગોત્રજદેવીના જે જે નામથી તેઓ ઉપાસના કરતા તે પ્રમાણે તે આપણા ઈષ્ટદેવતા ગણાય છે.

મહેસાણાથી ૭ ગાઉ દુર ચાણસ્મા નામનું ગામ આપણા પૂર્વજોને મળ્યુ હોવાથી આપણે ચણસ્મિયા દવે કહેવાઈએ છીએ, પણ કાલાન્તરે જુદા જુદા ગામોમાં વસી હાલમાં વ્યાસ જાની જોષી

ભટ્ટ શુકલ દવે ઈત્યાદી ભિન્નભિન્ન અટકો આપણા ભાઈઓમાં જોવા મળે છે. આપણે ગોત્ર કૌંડિન્ય. કૌડિન્ય અંગિરસ અને બ્રાહસ્પત્ય એમ ત્રણ પ્રવર. શુકલયજુર્વેદ, માધ્યંદિની શાખા, વિઘ્નહર ગણપતિ, કાળભૈરવ, મૃત્યંજય મહાદેવ અને ગોત્રજદેવી વિશભુજા ચામુંડા વારાહી.

હવે સ્વાભાવિક છે કે, આપણા જે વડવાઓ ચાણસ્મા આવીને વસ્યા હોય ત્યાં તેમણે આ દેવતાઓની સ્થાપના – પ્રતિષ્ઠા કરી જ હોય, પણ એકઝેકટ કયા દિવસે કોણે કરી તેની કોઈ ચોકકસ વિગતો કયાંયથી હજી ઉપલબ્ધ થ શકી નથી. આપણા નવજાત બાળકોને પગે લગાડવા માટે, વરવધૂની છેડાછેડી છોડાવ માટે કે અન્ય બધાઆખડી પૂર્ણ કરવા માટે આપણે ચાણસ્મા જતાં આવતાં હતા. કાળક્રમે ચાણસ્મામાંથી કૌંડિન્ય બ્રાહ્મણો એક પછી એક ગ્રામાંતર કરી ગયા અને આમ આપણા કુળદેવીનું સ્થાનક જીર્ણશીર્ણ બનતું ગયું. વળી સુપાત્ર અને કર્મકાંડી પૂજારીનો પણ અભાવ હતો. છેવટે ચાણસ્માના કડવા પાટીદાર ભાઈઓએ આ મંદિરનો કબજો લીધો અને દેખરેખ રાખવા માંડી. આ પાટીદાર કુટુંબોના એક વડવા લાલજી લક્ષ્મીદાસે મંદીરની અંદર સપ્તશતી યન્ત્ર પધરાવ્યો અને વિક્રમ સં. ૧૮૬૦ અસાદ સુદ આઠમ ગુરૂવારે ર૦૭ વર્ષ પહેલાં તેની પ્રાણપ્રતિષ્ઠા કરી. તેથી તે દિવસને આપણા સગોત્રી આગેવાનોએ પાટોત્સવનો દિવસ માનીને, તારીખ ૨૮–૬–૧૯૮૨ સં. ૨૦૩૮ અસાદ સુદ ૮ બુધવારે સર્વપ્રથમ પાટોત્સવ ઉજવ્યો. ત્યારથી પ્રતિવર્ષ પાટોત્સવ ઉજવવાની પરંપરા શરૂ થયેલી છે.